## જીએલએફમા જાણીતા લેખક અશ્વિન સાંઘીએ કહ્યુ,

# ચાણક્ય'સ ચાંટ વાંચીને મારી માતાએ મારી સાથે અઠવાડિયુ ડિસ્ટન્સ રાખેલુ

## તેણે કહેલુ કે, 'મને તારી ચિંતા થાય છે, તારુ મગજ બહુ શેતાની છે'

**લેખક અશ્વિન સાંઘીએ જીએલએફમાં પોતાના અનુભવો વર્ણવ્યા અને સિટી ભાસ્કર સાથેની વાતચીતમાં તેમણે કૃષ્ણ થઈ ગયા હોવા અંગેનો વિશ્વાસ વ્યક્ત કર્યો**

સિટી રિપોર્ટર @ahm_cb

**કૃષ્ણ થયા હોવાના પૂરાવા છે** | કૃષ્ણ ચોક્કસ થયા હતા. હા, કદાચ એ શક્ય છે કે તેમનુ સ્વરૂપ એ ન હોય જે આજે આપણી સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યુ છે. અથવા આપણા સુધી પહોંચ્યુ છે.

કૃષ્ણના હોવા અંગેના કોઈ આર્કિયોલોજીકલ કે હિસ્ટોરિકલ પૂરાવા નથી પણ સાંયોગિક પૂરાવા ચોક્કસ છે કે કૃષ્ણ થયા હતા. પૂરાણોમાં લખ્યું છે કે મહાભારત અને કૃષ્ણના દેહાંત બાદ કળિયુગ શરૂ થયો. યુનિવર્સિટી ઓફ મેમ્ફીસના એસ્ટ્રોફિઝિસિસ્ટ પ્રો.નરહરિ આચારે એક સોફ્ટવેર બનાવ્યો. જેનાથી કુરુક્ષેત્રના આકાશમાં તારા નક્ષત્રોની ગોઠવણી કયા દિવસે કેવી હતી તે ચોક્કસપણે જાણી શકાય. મતલબ કે તમે એમાં કોઈ ચોક્કસ સમયગાળાની તારીખ નાખો તો એ દિવસની તારા-નક્ષત્રોની સ્થિતિ અથવા કોઈ ચોક્કસ તારા નક્ષત્રોની સ્થિતિ નાખો તો એ સંયોગ આકાશમાં ક્યારે રચાયો હતો તેની તારીખ જણાવી આપે. હજારો વર્ષ પૂર્વેની પણ. હવે મહાભારતમાં એક ઉલ્લેખ છે કે વ્યાસ ધૃતરાષ્ટ્ર પાસે જાય છે અને તેમને યુદ્ધ અટકાવવા કહે છે. તેઓ કહે છે કે તેનાથી તેમના વંશનો નાશ થઈ જશે. ધૃતરાષ્ટ્ર પૂછે છે કે તમને કેવી રીતે ખબર ત્યારે વ્યાસ કહે છે કે તેમણે જ્યોતિષ જોયુ છે કે આકાશમાં તારા-નક્ષત્રોનો એક ચોક્કસ યોગ સર્જાવાનો છે. પ્રો. નરહરિ આચરે મહાભારતમાં જે યોગ લખ્યો છે તે આકાશી સ્થિતિ લઈ તે કયા દિવસે સર્જાયો હશે તેની તારીખ શોધી. દસ હજાર વર્ષના ઈતિહાસમાં માત્ર એક જ તારીખે એવો યોગ સર્જાયેલો. એ વર્ષ હતુ 3067 ઈસવિસન પૂર્વે. ને પૂરાણોમાં મહાભારત પાંચ હજાર વર્ષ પહેલા થયુ હોવાના ઉલ્લેખો છે.



હવે મહાભારતમાં જ ઉલ્લેખ છે કે કૃષ્ણના ભાઈ બલરામ યુદ્ધથી નારાજ થઈને યાત્રા પર નીકળી જાય છે. તેઓ સરસ્વતીના કાંઠે કાંઠે જાય છે. તેમનો રૂટ રાજસ્થાનમાં છે. ત્યાં જ લખાયેલુ છે કે તેઓ જ્યારે ગયા ત્યારે સરસ્વતી નદી નહોતી પણ સરોવર હતુ. મતલબ કે સરસ્વતી ત્યારથી જ લુપ્ત થવાની શરૂ થઈ ગયેલી. અર્થપ્લેટ્સની મુવમેન્ટ્સથી આમ બનેલુ. જે રીતે કોઈ ખડક કે પદાર્થના પૃથ્થકરણથી તે કેટલા વર્ષ જૂનો છે તે જાણી શકાય તે જ રીતે ભાભા રિસર્ચ સેન્ટરના સાયન્ટિસ્ટ રાજસ્થાનના પેટાળના પાણીનું ચોક્કસ પૃથ્થકરણ કરે છે. સમયગાળો જાણવા મળે છે 5 હજાર વર્ષ પૂર્વેનો. આટઆટલા પૂરાવા હોય તો હું શા માટે વિશ્વાસ ન કરું?

**ચાણક્ય'સ ચાંટ વાંચીને મારી માતા હેબતાઈ ગયેલા** | ચાણક્ય'સ ચાંટ વાંચીને મારી માતાએ અઠવાડિયુ મારી સાથે અંતર રાખેલુ. મેં તેમને પૂછ્યું કે, 'શું થયુ છે?' તો તેમણે કહ્યું કે, 'તારુ મગજ બહુ શેતાની છે, મને તારી ચિંતા થાય છે.'